કેસ રજુ તા. ૨૫/૦૩/૨૦૧૯
દાખલ તા. ૨૫/૦૩/૨૦૧૯
ફેંસલ તા. ૧૨/૦૫/૨૦૨૬
<u>સમયગાળો વર્ષ. માસ. દિવસ</u>
૦૭ ૦૧ ૧૮

---

**ગળતેશ્વરના મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ, સેવાલીયા, જિ. ખેડા**

---

**ફોજદારી કેસ નં.૨૬૩/૨૦૧૯**
**આંક:**

ફરીયાદી:– શ્રી સરકાર

**વિરુધ્ધ**

આરોપી: ખોડાભાઈ નવગણભાઈ ભરવાડ, ઉ.વ.૨૪,
રહે.ટીમ્બાનાં મુવાડા, ઈન્દીરા નગરી,
તા.ગળતેશ્વર, જિ.ખેડા.

**<u>ગુનો: ઈ.પી.કો. કલમ– ૨૭૯, ૪૨૭ તથા</u>**
**<u>એમ.વી. એકટ– ૧૭૭, ૧૮૪ મુજબ.</u>**

---

સરકાર તરફે વિ. વકીલશ્રી ટી.એસ.મલેક
આરોપી તરફે વિ. વકીલશ્રી કે.એસ.પરમાર

---

**:: ઠરાવ ::**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી ફરીયાદીએ તા.૧૫/૦૧/૨૦૧૮ ના કલાક.૦૬/૪૫ વાગ્યા ના સુમારે મોજે થર્મલ પાવર સ્ટેશનના મુખ્ય ગેટ આગળ પોતાની ટાટા ૩૧૧૮ ટ્રક નંબર જીજે–૨૫–યુ–૪૦૦૫ ની બેફીકરાઇ અને ગફલતભરી રીતે પુર ઝડપે ચલાવી ગેટ બેરીયરને તોડી આગળ આવેલ દીવાલ સાથે અથડાવી રૂ.૧,૨૯,૧૨૦/– નું નુકસાન કરી ઈ.પી.કો.કલમ – ૨૭૯, ૪૨૭ તથા એમ.વી.એક્ટ કલમ – ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ

સેવાલીયા પોલીસ સ્ટેશનમાં સે.ગુ.ર.નં.૦૬/૨૦૧૮ થી નોંધાવતા ત.ક.અમલદારે તપાસ કરી આએઓપી સામે પુરતા પુરાવા જણાતાં ઉપરોક્ત ગુનાઓ સબબનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજૂ કરતા હાલનો આ ફોજદારી કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) આરોપી વિરૂધ્ધ રજુ થયેલા ચાર્જશીટનું સંજ્ઞાન લઈ આરોપી વિરૂધ્ધ પ્રોસેસ ઈસ્યુ કરતા તેઓ હાજર થતા ક્રિ.પ્રો.કો.ક.૨૦૭ મુજબ તેઓને પોલીસ તપાસના પેપર્સની નકલ આપવામાં આવેલ હતી, ત્યારબાદ તહોમતદાર સામે તહોમતદારની આંક-૦૩ થી ગુનાની પ્લી લેતા તહોમતદારે ગુનાની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને ગુનો કબુલ કરેલ નથી, જેથી તહોમતદાર સામે કેસની કાર્યવાહી અદાલત ધ્વારા આગળ ચલાવવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| સા.ક્ર.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | સાહેદ જાકીરહુસેન કાલુશાં દિવાનની જુબાની | ૧૦ |
| ૨ | પંચસાહેદ સિદ્ધરાજભાઈ હીરાભાઈ ભરવાડની જુબાની | ૧૪ |
| ૩ | પંચસાહેદ કાનજીભાઈ જીવાભાઈ ભરવાડની જુબાની | ૧૬ |
| ૪ | સાહેદ નાથુભાઈ સળીયાભાઈ ભુરીયાની જુબાની | ૧૭ |
| ૫ | સાહેદ મોહનભાઈ જુગાભાઈ ચૌહાણની જુબાની | ૧૯ |
| ૬ | સાહેદ રાજેન્દ્રસિંહ જગતસિંહ ઠાકોરની જુબાની | ૨૦ |
| ૭ | ત.ક.અમલદાર હિમંતસિંહ પુનમભાઈ સોઢા પરમારની જુબાની | ૨૧ |

**:: દસ્તાવેજી પુરાવા ::**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૫ |

આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો આ કામે રજુ થયેલ નથી. આ કામે રજુ થયેલ પુરાવો જોતા આરોપીનું ક્રિ.પ્રો.કો.કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન

નોંધવા જેટલો પુરાવો નહી હોવાનું જણાતા આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ બન્ને પક્ષકારોની દલીલો સાંભળી કેસ આખરી નિર્ણય માટે રાખવામાં આવેલ છે.

(૪) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

**મુદ્દા નં.૧.** શુ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી ફરીયાદીએ તા.૧૫/૦૧/૨૦૧૮ ના કલાક.૦૬/૪૫ વાગ્યા ના સુમારે મોજે થર્મલ પાવર સ્ટેશનના મુખ્ય ગેટ આગળ પોતાની ટાટા ૩૧૧૮ ટ્રક નંબર જીજે-૨૫-યુ-૪૦૦૫ ની બેફીકરાઇ અને ગફલતભરી રીતે પુર ઝડપે ચલાવી ગેટ બેરીયરને તોડી આગળ આવેલ દીવાલ સાથે અથડાવી રૂ.૧,૨૯,૧૨૦/- નું નુકસાન કરી ઈ.પી.કો.કલમ – ૨૭૯, ૪૨૭ તથા એમ.વી.એક્ટ કલમ – ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કરેલ છે?

**મુદ્દા નં.૨.** શું હુકમ?

**:: નિર્ણયો ::**

(૫) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારાત્મક

૨. આખરી હુકમ મુજબ

**:: કારણો ::**

**<u>મુદ્દા નં.૧:</u>**

**<u>મુદ્દા નં.૧ પરત્વે કારણો,</u>**

(૬) ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીએ પોતાના હવાલાનું વાહન જાહેર માર્ગ ઉપર ઝડપથી તથા બેદરકારી ભરી રીતે ચલાવી સાહેદને ઈજા પહોંચાડેલ છે. તેથી પ્રથમ ફરીયાદપક્ષે આરોપીની બેદરકારી આ બનાવમાં હતી તેમ સાબીત કરવા માટે મજબુત પુરાવો અને તે પણ સીધ્ધો આરોપીની બેદરકારી દર્શાવતો રજુ કરવાનો રહે છે. કાયદાની સ્થાપિત જોગવાઈ મુજબ અદાલત આરોપીની બેદરકારી અંગે અનુમાન કરી શકે નહી. તે તમામ સિધ્ધાંતો ધ્યાને લઈ પુરાવાનું મૂલ્યાંકન કરવાનું થાય છે. વધુમાં આરોપીની બેદરકારીની માત્રા એટલી ઉંચી હોવી જોઈએ કે જેથી કરીને તેની ક્રિમીનલ જવાબદારી ઠરાવી શકાય. કારણ કે બેદરકારીના કારણે આરોપીની સીવીલ જવાબદારી ઉભી થતી હોય તો પણ તેને

તે માત્ર કારણોસર તેની ક્રિમીનલ જવાબદારી ગણી દોષિત ઠરાવી સજા કરી શકાય નહી. જો બેદરકારી કે ગફલત અંગેનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર ના આવે તો આરોપી નિર્દોષ છુટવા હક્કદાર બને છે.

<u>**ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯,**</u>

**જાહેર માર્ગ ઉપર બેફામપણે હંકારવું કે સવારી કરવીઃ** કોઈ પણ વ્યકિત બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા કે હાની થવા સંભવ હોય તેમ બેફામપણે અથવા બેદરકારી પૂર્વક સરીયામ રસ્તા પર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ માસ સુધીની કોઈ પણ પ્રકારની કેદ અથવા એક હજાર રુપિયા સુધીનો દંડ અથવા બંને સજા કરવામાં આવશે.

<u>**તત્વોઃ**</u> **–**

(૧) જાહેર રસ્તા પર વાહન ચલાવવું અથવા સવારી કરવી.

(૨) બેફામપણે અથવા બેદરકારીપૂર્વક આવું વાહન ચલાવવું અથવા આવી સવારી કરવી.

(૩) કે, જે કારણે બહુજનસમુદાયની જિંદગી ભયમાં મૂકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા અથવા હાનિ થવા સંભવ હોય.

(૭) આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ પુરાવો જોવામાં આવે તો સાહેદ જાકીરહુસેન કાલુશાં દિવાન નાઓએ આંક–૧૦ થી સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ ૨૦૧૮ની સાલમાં બનેલો. તેમની નોકરી સવારના સડા ચારથી બપોરના સાડા બાર દરમિયાનની હતી ત્યારે બનાવ બનેલો. ખોડાભાઈ નવગણભાઈ ભરવાડ નામના ડ્રાઈવરથી બ્રેક ફેઈલ થઈ ગયેલી. ટેન્કર ભરવા માટે ગાડી આવેલી. ટેન્કરનો નંબર તેમને યાદ નથી. બ્રેક ફેઈલ થઈ જતા ગાડી સામેની બાજુ આશરે પુર્વ દિશા તરફ આવેલ કન્ટ્રોલ ગેટનો દરવાજો તોડીને સામેની દિવાલે અથડાયેલી જેથી દિવાલને નુકશાન થયેલુ. આરોપીને તેઓ જોયે ઓળખે છે. પોલીસે તેમનો જવાબ લીધેલો નથી. આ સાહેદ ફરીયાદની હકીકતને સંપૂર્ણપણે સમર્થન કરતા ન હોઈ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવા વિ.એ.પી.પી.શ્રીને વિનંતી કરતા આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા વિ.એ.પી.પી.શ્રીને પરવાનગી આપવામાં આવેલ, જેમા કોઈ સમર્થનકારી હકીકત જણાવેલ નથી.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ લેવામાં આવેલ, જેમાં સદર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ ચોકકસ કેટલા વાગે બનેલો તે તેઓ ના કહી શકે.

તેઓ સ્વીકારે છે કે કહેવાતો બનાવ વાહનમાં યાંત્રિક ખામીને કારણે બનેલો. તેઓ સ્વીકારે છે કે તેઓ સીકયુરીટી તરીકે નોકરી કરતા હોય આ કામના આરોપીને તેઓ ઓળખે છે. તેઓ સ્વીકારે છે કે આ કામનો આરોપી ડ્રાઈવર તરીકે નોકરી કરતો હોય અને ત્યાં ડાઈ એસ ભરવા આવતા હોય તેને તેઓ ઓળખે છે.

(૮) આ કામે ફરીયાદ પક્ષ તર્ફે રજુ પુરાવો જોવામાં આવે તો આંક-૧૪ થી પંચસાહેદ સિદ્ધરાજભાઈ હીરાભાઈ ભરવાડ તથા આંક-૧૬ થી પંચસાહેદ કાનજીભાઈ જીવાભાઈ ભરવાડનાઓએ સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં ગુનાવાળી જગ્યાનાં પંચનામામા પોતાની સહીઓ ઓળખી બતાવી પંચનામુ આંક-૧૫ થી રજૂ રાખી પંચનામામા શુ લખેલુ હતુ તે તેમને ખબર ન હોવાનુ જણાવેલ છે. આ પંચ સાહેદો ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોઈ તેઓને ફરી ગયેલા સાહેદો જાહેર કરવા વિ.એ.પી.પી. શ્રીએ વિનંતી કરતા આ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા વિ.એ.પી.પી.શ્રીને પરવાનગી આપવામાં આવેલ અને ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી તરફે લેવામાં આવેલ સરતપાસમાં સદર પંચસાહેદોએ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી લેશમાત્ર હકીકત જણાવેલ નથી.

બચાવપક્ષ તરફે સદર પંચસાહેદોની ઉલટતપાસ લેવામાં આવેલ, જેમાં સદર પંચસાહેદોએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ માત્ર પંચનામામા સહીઓ કરેલી પંચનમા વિશે તેઓ કશુ જાણતા નથી. તેઓ સ્વીકારે છે કે, તેઓએ કોઈપણ પ્રકારનું લખાણ વાંચેલુ નહી.

(૯) આ કામે ફરીયાદ પક્ષ તર્ફે રજુ પુરાવો જોવામાં આવે તો સાહેદ નાથુભાઈ સળીયાભાઈ ભુરીયાનાઓએ આંક-૧૭ થી સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, હાલ તેઓ નિવૃત્ત છે. એ પહેલા તેઓ વણાકબોરી થર્મલ પાવર સ્ટેશનમા સિક્યુરીટી તરીકે તેમની ફરજ બજાવતા હતા અને ૨૦૨૪ થી તેઓ નિવૃત્ત છે. તેમને બસ એટલુ જ ખબર છે કે ખોડાભાઈ નવઘણભાઈ તેમની ખાલી ગાડી રાખોડી ભરવા જતા હતા ત્યારે ગાડી ઉભી રાખીને ગેટ પર એન્ટ્રી કરાવવા ગયેલા ત્યારે ગાડી ઓટોમેટીક ગબડીને ગેટ ઉપર આવેલી જેથી ડ્રાયવર દોડીને બ્રેક મારવા ગયેલા પણ બ્રેક વાગેલ નહી જેથી ત્યાના ગેટ અને દીવાલને નુકશાન થયેલુ. ત્યાં આગળ સી સી ટી વી કેમેરા લાગેલા હતા. પોલીસે તેમનો જવાબ લીધેલો. આ સાહેદ ફરીયાદની હકીકતને સંપૂર્ણપણે સમર્થન કરતા ન હોઈ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવા વિ.એ.પી.પી.શ્રીને વિનંતી કરતા આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા વિ.એ.પી.પી.શ્રીને પરવાનગી આપવામાં આવેલ, જેમા કોઈ સમર્થનકારી હકીકત જણાવેલ નથી.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ લેવામાં આવેલ, જેમાં સદર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કહેવાતા બનાવ બન્યાના સમય દરમ્યાન તેમનુ ધ્યાન એન્ટ્રીમા હતુ. તેઓ સ્વીકારે છે કે બનાવની તેમને જાત માહીતી નથી.

(૧૦) આ કામે ફરીયાદ પક્ષ તર્ફે રજુ પુરાવો જોવામાં આવે તો સાહેદ મોહનભાઈ જુગાભાઈ ચૌહાણનાઓએ આંક–૧૯ થી સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, હાલ તેઓ નિવૃત્ત છે એ પહેલા ૨૦૧૮ ની સાલમાં તેઓ વણાકબોરી થર્મલ પાવર સ્ટેશનમાં સિક્યુરીટી તરીકે તેમની ફરજ બજાવતા હતા. તેમની સાથે કોણ કોણ કામ કરતુ હતુ એ તેમને ખબર નથી. થર્મલ પાવર સ્ટેશન આગળ શુ બનાવ બનેલો એ પણ તેમને ખબર નથી. પોલીસે તેમનો જવાબ લીધેલ નહી. આ સાહેદ ફરીયાદની હકીકતને સંપૂર્ણપણે સમર્થન કરતા ન હોઈ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવા વિ.એ.પી.પી.શ્રીને વિનંતી કરતા આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા વિ.એ.પી.પી.શ્રીને પરવાનગી આપવામાં આવેલ, જેમા કોઈ સમર્થનકારી હકીકત જણાવેલ નથી.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ લેવામાં આવેલ, જેમાં સદર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કહેવાતા બનાવ બન્યાના સમય દરમ્યાન તેમનુ ધ્યાન એન્ટ્રીમા હતુ. તેઓ સ્વીકારે છે કે બનાવની તેમને જાત માહીતી નથી.

(૧૧) આ કામે ફરીયાદ પક્ષ તર્ફે રજુ પુરાવો જોવામાં આવે તો સાહેદ રાજેન્દ્રસિંહ જગતસિંહ ઠાકોરનાઓએ આંક–૨૦ થી સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, તેમને લખતા વાચતા આવડે છે. તેઓ થર્મલ પાવર સ્ટેશનમાં સીકયુરીટી ગાર્ડ તરીકે તેમની ફરજ બજાવે છે. સને ૨૦૧૮ માં તેઓ તેમની ફરજ બજાવતા હતા તે દરમીયાન એક ટ્રક ડ્રાઈવર થી ગેટને સામાન્ય નુકશાન થયેલ. આ ટ્રકનો નંબર શુ હતો કે આ ટ્રક કોણ ચલાવતુ હતુ તેની તેમને ખબર નથી. પોલીસે તેમનો જવાબ લીધેલો. આરોપીને તેઓ ઓળખતા નથી. આ સાહેદ ફરીયાદની હકીકતને સંપૂર્ણપણે સમર્થન કરતા ન હોઈ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવા વિ.એ.પી.પી.શ્રીને વિનંતી કરતા આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા વિ.એ.પી.પી.શ્રીને પરવાનગી આપવામાં આવેલ, જેમા કોઈ સમર્થનકારી હકીકત જણાવેલ નથી.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ લેવામાં આવેલ, જેમાં સદર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કહેવાતા બનાવ બન્યાના સમય દરમ્યાન તેમનુ ધ્યાન એન્ટ્રીમા હતુ. તેઓ સ્વીકારે છે કે બનાવની તેમને જાત માહીતી નથી.

(૧૨) આ કામે ફરીયાદ પક્ષ તર્ફે રજુ પુરાવો જોવામાં આવે તો ત.ક.અમલદાર હિમંતસિંહ પુનમભાઈ સોઢા પરમારનાઓએ આંક–૨૧ થી સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ સેવાલીયા પો.સ્ટે માં સને ૨૦૨૦ માં રીટાયડ થયા તે પહેલા પી.એસ.ઓ તરફથી તેમને સદર બનાવ બાબતની તપાસ મળતા તેમણે તપાસ સંભાળી લીધેલ અને ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલ અને પંચનામા કરેલ ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા નામદાર કોર્ટ માં ચાર્જશીટ કરેલ.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ લેવામાં આવેલ, જેમાં સદર સાહેદે સદર કામમાં સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલ ન હોવાની તથા આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૧૩) આ કામે આરોપી વિરુદ્ધ ઈ.પી.કો. કલમ– ૨૭૯, ૪૨૭ તથા એમ.વી.એક્ટ કલમ – ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કરવાનો આક્ષેપ છે ત્યારે સદર ગુનાની જોગવાઈ જોતા મજકુર ગુનાના કામે આરોપીને કસુરવાર ઠરાવવા ફરીયાદપક્ષે હાલના આરોપીએ જાહેર રસ્તા ઉપર બેફામપણે બેદરકારીપૂર્વક માનવ જીંદગી જોખમમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા કે હાનિ થવાનો સંભવ હોય અને પોતાના બેફામપણા અને બેદકારીભર્યા કોઈ કૃત્યથી અકસ્માતના પરિણામે ઈજા પામનારને ઈજા પહોંચાડેલ હોવાની હકીકત પુરવાર કરવાની રહે છે. રજુ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો, ફરીયાદપક્ષ દ્વારા આંક–૧૪ અને આંક–૧૬ થી ગુનાવાળી જગ્યાના પંચોને તપાસવામા આવેલ છે પરંતુ આ સાહેદો હોસ્ટાઈલ નિવડેલા છે અને પંચનામાની હકીકતોને સમર્થન પુરુ પાડતા ના હોય આંક–૧૫ વાળુ પંચનામુ પુરવાર થયેલાનુ માની શકાય નહી. વધુમાં ફરીયાદપક્ષ દ્વારા આંક–૧૦ થી સાહેદને તપાસેલ છે પરંતુ આ સાહેદ હોસ્ટાઈલ નિવડેલા છે અને કહેવાતો બનાવ વાહનમાં યાંત્રિક ખામીને કારણે બનેલો હોવાનુ જણાવે છે. જેથી કહેવાતો બનાવ હાલના આરોપીની માત્રને માત્ર બેદરકારીને પરીણામે બનેલ હોવાનુ પુરવાર થતુ નથી. આમ, સદર સાહેદની જુબાની ફરીયાદપક્ષને મદદકર્તા નથી. ત્યારબાદ ફરીયાદ પક્ષ દ્વારા આંક–૧૭ થી આંક–૨૦ સુધી અન્ય સાહેદોને તપાસેલ છે પરંતુ આ સાહેદો હોસ્ટાઈલ નિવડેલા છે અને કહેવાતા બનાવ બન્યાના સમય દરમ્યાન તેમનુ ધ્યાન કામમા હતુ તથા બનાવની તેમને જાત માહીતી નથી તે મુજબનો પુરાવો આપેલ હોય કોઈપણ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન પુરુ પાડતા નથી. આમ, ફરીયાદપક્ષને મદદરુપ થાય તેવી કોઈ હકીકત બહાર આવેલ નથી. ઉપરોક્ત તમામ સાહેદોની જુબાની પણ ફરિયાદપક્ષે મદદકર્તા નથી.

વધુમાં આ કામે ફરીયાદપક્ષ દ્વારા આંક–૨૧ થી ત.ક.અમલદારે તેમના પુરાવામાં કરેલ તપાસ મુજબની હકીકત જણાવેલ છે. પરંતુ ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ અન્ય સાક્ષીઓના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સ્પષ્ટ સમર્થન મળતું ન હોય તેવા સમયે તપાસ કરનાર અમલદારશ્રીની જુબાનીનું વિશેષ મૂલ્ય આંકી શકાય નહી. આમ, સ્વતંત્ર સાહેદ દ્વારા પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થતુ નથી. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ નિશંકઃપણે પોતાનો કેસ પુરવાર કરેલાનુ માની શકાય નહી. જેનો લાભ આરોપીને મળવાપાત્ર જણાય છે.

(૧૪) ઉપરોકત તમામ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદપક્ષ આરોપી સામેના ઈ.પી.કો કલમ–૨૭૯, ૪૨૭ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હાના આવશ્યક તત્વો પુરવાર કરી શકેલ નથી. અકસ્માત સમયે હાલનો આરોપી જ વાહનનો ચાલક હતો અને તેની માત્રને માત્ર બેદરકારીના પરિણામે અકસ્માતનો બનાવ બનેલ હતો તેમ ફરીયાદ પક્ષનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત થતો નથી. ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરવામાં સફળ રહેતા ન હોય અને ફરીયાદપક્ષે જે પુરાવો રજુ થયેલ છે તે પુરાવાથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. તેથી પુરાવાના અભાવે આરોપી સામેનો કેસ સાબિત ન થતો હોય, સમગ્ર ચર્ચાને અંતે **મુદ્દા નં. ૧** નો જવાબ નકારમાં આપી, **મુદ્દા નં. ૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) આ કામના તહોમતદારને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫(૧) અન્વયે ઈ.પી.કો.કલમ – ૨૭૯, ૪૨૭ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના સજાને પાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ ન હોય, મુદ્દામાલ અંગે કોઈ જ હુકમ નથી.

(૩) ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીએ અપીલ સમય માટે રૂા.૫૦૦૦/– ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવા.

હુકમ આજરોજ તા. ૧૨ મી, માહે : મે, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૨/૦૫/૨૦૨૬
સ્થળ: સેવાલીયા

**(ડી.જી.વાઘેલા )**
જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ગળતેશ્વર એટ સેવાલીયા
Code No. GJ01444